# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-07-2024** **Morning : 7.45 to 7.55**
**Day : Thursday** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

****************************************************

- ✓ **હેમંત સોરેન 7મી જુલાઈએ ઝારખંડના મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર શપથ લેશે.**
- ✓ **સ્માર્ટ સિટી મિશન હેઠળ 100 શહેરોએ તેમનાં કુલ વિકાસ પ્રોજેક્ટ્સમાંથી 90 ટકા પૂર્ણ કર્યા**
- ✓ **આજે બ્રિટનમાં સામાન્ય ચૂંટણી - પ્રધાનમંત્રી ઋષિ સુનકના રાજકીય ભાવિનો ફેંસલો થશે**
- ✓ **આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં અતિ ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી**
- ✓ **ટી 20 વિશ્વકપ વિજેતા ભારતીય ટીમ સ્વદેશ પરત ફરી - વિમાન મથકે પ્રશંસકો દ્વારા ઉમળકાભર્યું સ્વાગત**

✓ ****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# JHARKHAND-NEW-CM-OATH

ઝારખંડ મુક્તિ મોરચાના કાર્યકારી પ્રમુખહેમંત સોરેન 7મી જુલાઈએ ઝારખંડના મુખ્યમંત્રી તરીકે ફરીએકવાર શપથ લેશે. મુખ્યમંત્રી ચંપાઈ સોરેને ગઈકાલે રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને પદ પરથી રાજીનામું સોંપ્યું હતું. જેનાથી હેમંત સોરેનને મુખ્યમંત્રી તરીકે પાછા ફરવાનો માર્ગ મોકળો થતા જ તેમણે નવી સરકાર રચવાનો દાવો કર્યો હતો.

હેમંત સોરેનને ફરીથી મુખ્યમંત્રી બનાવવાનો નિર્ણય INDIA ગઠબંધનમાં સામેલ ઝારખંડ મુક્તિ મોરચા, કોંગ્રેસ અને રાષ્ટ્રીય જનતા દળના ધારાસભ્યોની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે હેમંત સોરેને આ વર્ષે 31મી જાન્યુઆરીએ મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું અને કથિત જમીન કૌભાંડના સંબંધમાં મની લોન્ડરિંગ કેસમાં ED દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી..

# GOVT-SMARTCITY MISSION

સરકારે જણાવ્યું છે કે, સ્માર્ટ સિટી મિશન હેઠળ 100 શહેરોએ તેનાં કુલ વિકાસ પ્રોજેક્ટ્સમાંથી 90 ટકા કાર્ય પૂર્ણ કર્યા છે, જેનું મૂલ્ય એક લાખ 44 હજાર કરોડ રૂપિયા થાય છે.

શહેરોને પ્રોત્સાહન આપવા વર્ષ 2015માં આ મિશન શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં સ્માર્ટ સોલ્યુશન્સ દ્વારા નાગરિકોને મુળભુત સુવિધાઓ, સ્વચ્છ અને સાતત્યપૂર્ણ વાતાવરણ પૂરાં પાડવામાં આવે છે અને તેમનાં જીવનની ગુણવત્તામાં સુધારો કરવામાં આવે છે. રાજ્યો અને શહેરો દ્વારા બાકીનાં 10 ટકા પ્રોજેક્ટ્સ પુર્ણ કરવાની માંગણીને સ્વીકારીને મંત્રાલયે મિશનનો સમયગાળો લંબાવીને 31 માર્ચ કર્યો છે.

# UK ELECTIONS

આજે બ્રિટનમાં યોજાનારી સામાન્ય ચૂંટણીમાં કરોડો મતદારો પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરશે, ભારતીય સમય પ્રમાણે બપોરે સાડા બાર કલાકે મતદાન શરૂ થશે અને આવતીકાલે વહેલી સવારે સાડા ત્રણ વાગ્યા સુધી ચાલુ રહેશે. મતદાન પૂર્ણ થાય પછી તરત જ મત ગણતરી શરૂ થશે, જેમાં દેશનાં આગામી પ્રધાનમંત્રી કોણ હશે તે નક્કી થશે.

મે મહિનામાં પ્રધાનમંત્રી ઋષિ સુનકે ડાઉનિંગ સ્ટ્રીટ ખાતે અચાનક સામાન્ય ચૂંટણી યોજવાની જાહેરાત કરી છે. 14 વર્ષથી સત્તા પર રહેલી કન્ઝરવેટિવ પાર્ટી માટે સત્તા ટકાવી રાખવી મુશ્કેલ હોવાનું કહેવાય છે. ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા પ્રધાનમંત્રી સુનકની કન્ઝરવેટિવ પાર્ટી અને તેમનાં વિરોધી લેબર પાર્ટીનાં સર કિયર વચ્ચે છે. મતદારોને આકર્ષવા બંને પક્ષોએ તીવ્ર પ્રચાર કર્યો છે. રાજકીય નિષ્ણાતોએ આ ચૂંટણીને ઐતિહાસિક ગણાવીને લેબર પાર્ટીનાં વિજયની સંભાવના વ્યક્ત કરી છે.---

# ARMY-AGNIVEERAJAY

ભારતીય લશ્કરે અગ્નિવીર અજય કુમારને મળેલી રકમ અંગે સ્પષ્ટતા કરી છે. સોશિયલ મિડીયા પોસ્ટમાં લશ્કરે જણાવ્યું છે કે અજય કુમારનાં પરિવારને બાકી લેણામાંથી 98 લાખ 39 હજાર રૂપિયા ચૂકવી દેવામાં આવ્યા છે અને અગ્નિવીર યોજના પ્રમાણે લાગુ પડતા 67 લાખ રૂપિયાનાં લાભ પોલિસ વેરિફિકેશન બાદ અંતિમ હિસાબોની લેવડદેવડમાં ચૂકવવામાં આવશે. કુલ એક કરોડ 65 લાખ રૂપિયા ચૂકવવામાં આવશે.

ફરજ દરમિયાન શહીદ થનાર અગ્નિવીર અજય કુમારનાં પરિવારજનોને વળતર નથી ચૂકવવામાં આવ્યું તેવા સોશિયલ મિડીયા પર વહેતા થયેલા સંદેશાને પગલે ભારતીય લશ્કરે ઉપરોક્ત સ્પષ્ટતા કરી છે.-

# ADVANI-APOLLO

ભારતી જનતા પાર્ટીના પીઢ નેતા લાલકૃષ્ણ અડવાણીને ગઈકાલે સાંજે નવી દિલ્હીમાં એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. એક નિવેદનમાં હોસ્પિટલે જણાવ્યું હતું કે, શ્રી અડવાણીની તબિયત સ્થિર છે, અને ડોક્ટરોનાં નિરીક્ષણ હેઠળ છે.

ગયા સપ્તાહે પણ શ્રી અડવાણીને ઉંમર સંબંધિત આરોગ્ય સમસ્યાઓને કારણે નવીદિલ્હીની ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ-એઇમ્સમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમને બીજા દિવસે રજા આપવામાં આવી હતી.-

# AMARNATHYATRA-JAMMU

કાશ્મીર ખીણમાં ચાલી રહેલી વાર્ષિક અમરનાથ યાત્રા માટે પાંચ હજાર 696 યાત્રીઓની વધુ એક ટૂકડી કડક સલામતી બંદોબસ્ત વચ્ચે આજે વહેલી સવારે ભગવતી નગર સ્થિત યાત્રી નિવાસ બેઝ કેમ્પથી રવાના થઈ હતી.

અમારા જમ્મુના પ્રતિનિધી જણાવે છે કે, યાત્રીઓએ 219 વાહનો દ્વારા યાત્રાનો પ્રારંભ કર્યો હતો, જેમાં 1 હજાર 591 પુરુષ, 360 મહિલા, 5 બાળકો, 64 સાધુ અને 8 સાધ્વી બાલતાલ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા, જ્યારે બે હજાર 896 પુરુષો, 651 મહિલાઓ, પાંચ બાળકો, 103 સાધુઓ અને 13 સાધ્વીઓ પહલગામ બેઝ કેમ્પથી માટે રવાના થયા હતા. --

# NITI AYOG SAMPURNATA ABHIYAN

નીતિ આયોગ ધારાશિવ જિલ્લાથી આજથી સંપૂર્ણતા અભિયાનનો પ્રારંભ કરશે. નીતિ આયોગ દ્વારા મહારાષ્ટ્રના ધારાશિવના મહત્વાકાંક્ષી જિલ્લા તરીકે પસંદગી કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત મુખ્યત્વે પરંદા તાલુકા પર ધ્યાન આપવામાં આવશે.

આ અભિયાનનો ઉદ્દેશ્ય નીતિ આયોગ દ્વારા નિયત આરોગ્ય, ખેતી, શિક્ષણ અને પાયાના ઢાંચા જેવા વિવિધ સૂચકાંકમાં સુધારો કરવાનો છે. સંપૂર્ણતા અભિયાન આ વર્ષે આજથી 30 સપ્ટેમ્બર દરમિયાન ચાલશે. અભિયાન અંતર્ગત સ્વ-સહાય જૂથ દ્વારા તેમના ઉત્પાદનોનું પ્રદર્શન કરતાં પ્રદર્શનો અને આરોગ્ય સભાઓનું આયોજન કરવામાં આવશે..

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# IMD- RAINFALL

હવામાન વિભાગે આગામી ચારથી પાંચ દિવસ દરમિયાન ઉત્તર પૂર્વનાં રાજ્યોમાં અતિ ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં અત્યંત ભારે વરસાદ અને ગુજરાત, મધ્યપ્રદેશ, તટીય કર્ણાટક, ગોવા, તટીય આંધ્રપ્રદેશ, તામિલનાડુ અને તેલંગાણામાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

હવામાન વિભાગે જમ્મુ કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણામાં પણ રવિવાર સુધી ભારે વરસાદ પડવાની સંભાવના વ્યક્ત કરી છે.-

દરમિયાન આસામમાં હજુ પણ પૂરની સ્થિતિ ગંભીર છે. રાજ્યનાં 29 જિલ્લામાં 16 લાખથી વધુ લોકો પર અસર છે. છેલ્લાં 24 કલાકમાં વધુ આઠ વ્યક્તિનાં મૃત્યુ થયા હતા. આ સાથે આ વર્ષે રાજ્યમાં પુર સંબંધિત મૃત્યુઆંક વધીને 46 થયો છે. ત્રણ વ્યક્તિ ગુમ થયાના અહેવાલ છે. પૂરને કારણે 2 હજાર આઠ સો ગામને અસર થઈ છે અને 39 હજાર 400 હેક્ટર પાકને નુકસાન થયું છે. મુખ્યમંત્રી હિમંતા બિસવા સરમાએ પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.-.

# INDIAN CRICKET TEAM-DELHI ARRIVAL

ટી 20 વિશ્વકપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમ આજે સવારે બાર્બાડોસથી દિલ્હી આવી પહોંચી હતી. નવી દિલ્હી આંતરરાષ્ટ્રીય વિમાન મથકની બહાર ક્રિકેટ પ્રશંસકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ટીમનાં સભ્યોનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. ટુર્નામેન્ટમાં જીત મેળવ્યા બાદ ટીમ બાર્બાડોસથી પરત ફરી હતી. ચક્રવાત હરિકેન બેરિલને કારણે ભારતીય ટીમનાં સ્વદેશ આગમનમાં વિલંબ થયો હતો. ભારતીય ટીમ મુંબઇ જવા રવાના થતા પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને તેમનાં નિવાસસ્થાને મળશે.

બીસીસીઆઇના સેક્રેટરી જય શાહે જણાવ્યું હતું કે, વિજેતા ટીમ આજે સાંજે મુંબઇમાં ખુલ્લી બસમાં બેસીને રોડ શોમાં ભાગ લેશે. નરીમાન પોઇન્ટથી વાનખેડે સ્ટેડિયમ વચ્ચે સાંજે પાંચથી સાત વાગ્યા દરમિયાન વિજય સરઘસ કાઢવામાં આવશે, ત્યાર બાદ વાનખેડે સ્ટેડિયમ ખાતે આયોજિત સત્કાર સમારંભમાં ટીમને ઇનામની રકમ અર્પણ કરવામાં આવશે. રોડ શો માટે મુંબઇ પોલિસે ચુસ્ત સલામતી બંદોબસ્ત કર્યો છે.--

# BADMINTON

બેડમિન્ટનમાં ભારતના પ્રિયાંશુ રાજાવત કેનેડા ઓપનમાં પુરુષ સિંગલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે. આઠમા ક્રમાંકિત રાજાવતે ગઇકાલે પ્રારંભિક રાઉન્ડમાં ડેન્માર્કમના રાસમુસ ગેમકેને 17-21,21-16, 21-14 થી હરાવ્યા હતા.

જોકે, એસ સંકર મુથુસામી સુબ્રમણિયન 32મા રાઉન્ડમાં ફ્રેન્ચ ખેલાડી એલેક્સ લેનિયર સામે હારી ગયા હતા. આયુશ શેટ્ટી પણ જાપાનના કોકી વાટાનેબ સામે હાર્યા હતા. મહિલા સિંગલ્સમાં અનુપમા ઉપાધ્યાય આઇરિશ ખેલાડી રાશેલ દરાગને હરાવીને 16મા રાઉન્ડમાં પ્રવેશ્યા છે.

# RS PM MODI ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, મણિપુરમાં શાંતિ અને સદભાવના જાળવી રાખવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રયાસ કરી રહી છે. રાજ્યસભામાં ગઈકાલે સંસદની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના સંબોધન પર આભાર પ્રસ્તાવનો જવાબ આપતા શ્રી મોદીએ કહ્યું કે, ગૃહમંત્રી અને ગૃહ રાજ્યમંત્રી ઘણા દિવસો સુધી મણિપુરમાં રહ્યા અને લોકો સાથે જોડાવવા માટે અનેક રાજ્યનો પ્રવાસ પણ કર્યો. રાજકીય નેતૃત્વ સિવાય સરકારના ઉચ્ચ અધિકારીઓ સમસ્યાના નિવારણ માટે દિવસરાત કામ કરી રહ્યા છે.

શ્રી મોદીએ કહ્યું કે  મણિપુરમાં 11 હજારથી વધુ એફઆઈઆર નોંધાઈ છે. જ્યારે 500થી વધુ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મણિપુરમાં શાળા, કોલેજો પણ ફરી ખૂલી ગઈ છે.

શ્રી મોદીએ નીટ પરીક્ષા ગેરરીતિ મામલે વિદ્યાર્થીઓને આશ્વાસન આપતા આરોપીઓને કડક સજા આપવાની વાત પણ કહી હતી. રાજ્યસભામાં પોતાના જવાબ દરમિયાન પ્રધાનમંત્રીએ હાલમાં મણિપુરમાં પૂરની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળની 2 ટુકડી પૂર રાહતકાર્ય માટે તહેનાત છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ગરીબી સામેની લડાઈ એ સરકારનો મુખ્ય ઉદ્દેશ હશે. સરકાર ત્રીજા કાર્યકાળમાં દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા પ્રતિબદ્ધ છે.

# CABINET COMMITTEES

સરકારે મંત્રીમંડળની વિવિધ સમિતિઓની રચના કરી છે. મંત્રીમંડળની આર્થિક બાબતોની સમિતિમાં 11 સભ્ય હશે અને તેની અધ્યક્ષતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરશે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ, નાણામંત્રી નિર્મલા સીતારામન, કૃષિમંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, સ્ટીલ મંત્રી એચ.ડી. કુમારસ્વામી અને પંચાયતી રાજ મંત્રી રાજીવ રંજન સિંહ સમિતિના સભ્ય હશે.

શ્રી મોદી મંત્રીમંડળની સુરક્ષા કાર્ય સમિતિના અધ્યક્ષ રહેશે. આ સમિતિમાં રાજનાથ સિંહ, અમિત શાહ, નિર્મલા સીતારામન અને વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકરનો સમાવેશ થશે. જ્યારે રાજનાથ સિંહ મંત્રીમંડળના દસ સભ્યોની સંસદીય બાબતોની સમિતિની અધ્યક્ષતા કરશે. મંત્રીમંડળની રાજકીય કાર્ય સમિતિમાં પ્રધાનમંત્રી સહિત 14 સભ્ય હશે. મંત્રીમંડળની નિમણૂક કાર્ય સમિતિમાં શ્રી મોદી અને શ્રી અમિત શાહ હશે. મંત્રીમંડળની  અન્ય સમિતિઓની પણ રચના કરવામાં આવી છે.

# ZIKA VIRUS

મહારાષ્ટ્રમાં ઝીકા વાયરસનાં કેસોને ધ્યાનમાં આવતા કેન્દ્ર સરકાર સતર્ક થઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે તમામ રાજ્યોને વાઇરસ અંગે સતત નિરીક્ષણ અને તકેદારી રાખવા સૂચના જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે, પૂણેમાં છેલ્લાં 11 દિવસમાં ઝીકા વાયરસના છ કેસ નોંધાયા છે.